અપીલ અરજી નં.૨૩૭ તા.૧૯–૧૧–૦૮

અરજદાર: શ્રીમતી લક્ષ્મીબેન રામજીભાઈ પટેલ
સામાવાળા: ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી વરાછા ઝોન

**વિષય :**–આર ટીઆઈ એકટ હેઠળ શ્રીમતી લક્ષ્મીબેન રામજીભાઈ પટેલની તા.૩–૧૦–૦૮ની અરજીથી મોજે નવાગામ અશ્વનીકુમાર ટીપી ૪ ફા.પ્લોટ નં.૧૭૪ બી માં આવેલ હંસ કો.ઓ.હા.સો. ની પૂર્વ દિશાએ રાવ સાહેબના શાસનકાળમાં આવેલ દિવાલનું ડીમોલેશન કરીને સોસાયટીનો લાભેશ્વરના ખૂણેથી ધોળીકૂઈ સુધી વરાછારોડને જોઈન્ટ થતો બરોડા પ્રિસ્ટેજ અને હંસ સોસાયટીની પૂર્વ દિશાએ આવેલ દિવાલ સોસાયટી રોડ જે ટી.પી સ્કીમ ફાઈનલ થતાં સોસાયટીના બાકી રોડ મુકીને જે દિવાલ બનાવેલ છે તે દિવાલ રાવ સાહેબે ૧૯૯૬ થી ૧૯૯૮ ની આસપાસ ડીમોલેશન કરેલ અને દિવાલ પાડી દેવામાં આવેલ તેની વિગત માહિતી આપવા બાબત.

સંદર્ભ :– અરજદાર મજકુરની તા.૧૯–૧૧–'૦૮ ની અપીલ અરજી નં.૨૩૭/૨૦૦૮–૦૯

## આમુખ:–

શ્રીમતી લક્ષ્મીબેન રામજીભાઈ પટેલની તા.૩–૧૦–૦૮ની અરજીથી મોજે નવાગામ અશ્વનીકુમાર ટીપી ૪ ફા. પ્લોટ નં.૧૭૪ બી માં આવેલ હંસ કો.ઓ.હા.સો. ની પૂર્વ દિશાએ રાવ સાહેબના શાસનકાળમાં આવેલ દિવાલનું ડીમોલેશન કરીને સોસાયટીનો લાભેશ્વરના ખૂણેથી ધોળીકૂઈ સુધી વરાછારોડને જોઈન્ટ થતો બરોડા પ્રિસ્ટેજ અને હંસ સોસાયટીની પૂર્વ દિશાએ આવેલ દિવાલ સોસાયટી રોડ જે ટી.પી સ્કીમ ફાઈનલ થતાં સોસાયટીના બાકી રોડ મુકીને જે દિવાલ બનાવેલ છે તે દિવાલ રાવ સાહેબે ૧૯૯૬ થી ૧૯૯૮ ની આસપાસ ડીમોલેશન કરેલ અને દિવાલ પાડી દેવામાં આવેલ તેની વિગત માહિતી આપવા બાબતે ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારીના પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ/૮૭૦ તા.૨૧–૧૦–૦૮ થી આપેલ જવાબથી અસંતોષ હોવાનું જણાવી તેવા મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૯–૧૧–૦૮ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નકલ તથા નોંધ વિભાગ સહિત પૂરક માહિતીની વિગતો વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૮૦૧ તા.૨૧–૧૧–૮ થી ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી વરાછા ઝોનને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને તેઓ તરફથી ઈ.ઝેડ/આરટીઆઈ/આ.નં.૮૭૦ તા.૧૭–૧૨–૦૮ થી માહિતી મળેલ છે.

અરજદારની તા.૩–૧૦–૦૮ ની અરજીમાં માંગ્યા મુજબની માહિતી બાબતે જાહેર માહિતી અધિકારી કક્ષાએથી અત્રે ઉપલબ્ધ રેકર્ડ ચકાસતાં માહિતી ઉપલબ્ધ નથી તેવું જણાવે છે. માહિતી ઉપલબ્ધ નહીં હોવા સબબ દફતર વર્ગીકરણ કે નિકાલની કોઈ વિગતો રજુ કરેલ નથી. અરજદારે અપીલ અરજીમાં ઝોન તરફથી ખોટા જવાબ અપાય છે તેવી રજુઆત કરેલ છે.

## હુકમ

અરજદારની મૂળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા. ૩–૧૦–૦૮ ની અરજીથી માંગ્યા મુજબની માહિતી જાહેર માહિતી અધિકારી કક્ષાએથી અત્રે ઉપલબ્ધ રેકર્ડ ચકાસતાં માહિતી ઉપલબ્ધ નથી તેવું જણાવેલ છે. આથી અરજદારને દિન–૭ માં લાગત ફાઈલનું ઈન્સ્પેકશન પુરું પાડવા તથા ઈન્સ્પેકશન દરમ્યાન અરજદાર માંગે તે દસ્તાવેજી નકલો આરટીઆઈ કાયદાની જોગવાઈ અને નિયમોનુસાર પૂરી પાડવા તથા થયેલ કાર્યવાહીની અત્રેની જાણ કરવા ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી વરાછા ઝોનને જણાવવામાં આવે છે."

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૧૨ –૦૮.

ડે.**કમિશ્નર(જનરલ),**
**અને એપેલેટ ઓફિસર**
**સુરત મહાનગર પાલિકા**

**પ્રતિ**

(૧) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી, વરાછા ઝોન ..... જાણ તથા અમલ માટે
(૨) શ્રીમતી લક્ષ્મીબેન રામજીભાઈ